ધો.૧ થી ૮માં ભણતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની ગણવેશ સહાયમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૨૧/૫૧૩૩૮૫/ન.બા.૪૪/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૬/૦૪/૨૦૨૨

## વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૦૬/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૮/ન.બા.૪૦/અ.૧

(૨) આ વિભાગનો તા.૦૧/૦૫/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૭/૭૩૬૫૯૦/ન.બા.૪૦/અ.૧

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૧/૦૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/ન.બા./૨૦૨૧-૨૨/૨૬૩૭

## આમુખઃ-

રાજય સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના શૈક્ષણિક વિકાસ માટે પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે જુદા જુદા દરે શિષ્યવૃત્તિ આપવાની વિવિધ યોજનાઓ અમલમાં છે. જેમાં વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળામાં ધો.૧ થી ૮માં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા ત્રણ જોડ ગણવેશ માટે વાર્ષિક રૂ.૬૦૦/- સહાય આપવામાં આવે છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી ઉક્ત સહાય DBT મારફતે આપવાની રહેશે તેમ ઠરાવેલ છે. ધો.૧ થી ૮માં ભણતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની ગણવેશ સહાયમાં વધારો કરવા માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના પત્રથી દરખાસ્ત કરેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે ધો.૧ થી ૮માં ભણતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ત્રણ જોડ માટે અપાતી ગણવેશ સહાયમાં વધારો કરી રૂ.૯૦૦/- કરવાનું ઠરાવવામાં આવે છે.

ઉક્ત મંજૂરી નીચેની શરતોને આધીન રહેશે:

<u>શરતો:-</u>

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં મંજૂર થયેલ નવી બાબત/ રજૂ કરેલ વ્યક્તિગત લાભને લગત હોય તેવી નવી બાબત જે ચાલુ બાબત તરીકે અંદાજપત્રમાં સમાવવાની શરતે મંજૂર કરવામાં આવેલ હોઇ, તે યોજનાઓ પૈકી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ બાબતોની અમલવારી નવા શૈક્ષણિક સત્ર ચાલુ થયેથી કરવાની રહેશે.

(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) **આ યોજનાને** CM Dash Board **સાથે** લિંક કરવી.

(૧૦) સોશિયો ઇકોનોમિક ઇમ્પેક્ટ ઇવેલ્યુએશન/ એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૧૧) યોજનામાં લાભાર્થીને આપવામાં આવતા લાભ માટે DBT પદ્ધતિ અનુસરવાની રહેશે.

(૧૨) ઉક્ત સુધારો નવા શૈક્ષણિક સત્રથી જ અમલી બનશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નીચે મુજબના બજેટ સદર હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે:

| | |
|---|---|
| માંગણી નંબર | ૯૨ |
| મુખ્ય સદર | ૨૨૨૫-અનુ.જાતિ, અનુ.આદિજાતિઓ, અન્ય પછાતવર્ગનું કલ્યાણ અને લઘુમતી કલ્યાણ |

| | |
|---|---|
| પેટા મુખ્ય સદર | ૦૩-પછાત વર્ગોનું કલ્યાણ |
| ગૌણ સદર | ૨૭૭-શિક્ષણ |
| પેટા સદર | (૦૧) ઓબીસી-૧ અન્ય પછાત વર્ગોના પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રોત્સાહન (શિષ્યવૃત્તિ, ગણવેશ, સાયકલ વગેરે) પ્રાથમિક શાળામાં ભણતા ધો.૧ થી ૮ ના બાળકોને ગણવેશ સહાય (સા.શૈ.પ.વ.) |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૧/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૩) સિલેકટ ફાઇલ